# મનપાના કર્મચારીઓની હડતાલ સમેટાઈ

## કર્મચારીઓના નામ પોલીસ ફરિયાદમાં દાખલ કરવાની અરજી પાછી ખેંચાતાં મનપાની હડતાલ સમેટાઈ : પ્રદેશ નેતાઓના આદેશ બાદ હરકતમાં આવેલા સ્થાનિક નેતાઓ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાના કર્મચારીઓએ સ્થાયી સમિતિના ચેરમેનના અશોભનીય વલણ અને પોલીસ ફરિયાદમાં તેમના દાખલ કરવાના નિર્ણયમાં આજે હડતાલ પર જતાં ભાજપના આગેવાનો દોડ્યા હતા.

ધારાસભ્ય અશોક પટેલ, મહામંત્રી રૂચર ભટ્ટ, શહેર પ્રમુખ મહેન્દ્ર પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, કેતન પટેલ સહિતના આગેવાનો મનપાની કચેરીએ દોડી આવ્યા હતા.

કર્મચારીઓ સાથે મેયરની સંમતિથી તેમણે વાતચીતો હાથ ધરી અને સમાધાન કરાવતાં પોલીસ ફરિયાદમાં કર્મચારીઓના નામ દાખલ કરવાની અરજી પાછી ખેંચી લેવાઈ હતી તેમજ ભવિષ્યમાં પણ કર્મચારીઓ સાથે અશોભનિય વ્યવહાર નહિ કરાય એટલુ જ નહિ કોઈની સામે પણ કિન્નાખોરીથી પગલાં નહિ લેવાય તેવી ખાત્રી પણ કર્મચારીઓને અપાઈ હતી.

આજે સવારથી જ મનપાના કર્મચારીઓ મનપાની કચેરી બહાર બેસી ગયા હતા. તંત્રના અધિકારીઓએ પણ કોઈ





● અનુસંધાન પાન-૭ પર

### સાચી હકીકત જાણવા મળતા અરજી પાછી ખેંચી છે : પાર્વતીબેન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની મહિલા કાઉન્સીલરોએ આજે એ વાતનો સ્વીકાર કર્યો હતો કે સમગ્ર ઘટનાક્રમમાં અમને ઘણું શીખવા મળ્યું છે. પોલીસ ફરિયાદમાં ત્રણ કર્મચારીઓના નામ દાખલ કરવા માટેની અરજી કરનાર મહિલા કાઉન્સીલર પાર્વતીબેને જણાવ્યું હતું કે અમને તે દિવસે જે જાણવા મળેલ હકીકતો હતી તે આધારે અમે નામ દાખલ કરવા જણાવ્યું હતું.

# સ્માર્ટસીટી પ્રોજેક્ટસના ત્રીજા રાઉન્ડમાં ગાંધીનગરનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૩

આજે કેન્દ્ર સરકાર દ્વારા ત્રીજા રાઉન્ડમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટસ માટે ગાંધીનગર દેશના ત્રીસ શહેરોની યાદી જાહેર કરવામાં આવી છે. જેમાં ગુજરાતના ૩ શહેરોની પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગર શહેરનો નંબર નવમા સ્થાને આવ્યો છે.

મ્યુનિ. કમિશનર ડી.એન. મોદીએ આજે પત્રકારોને આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતુ કે સવારે કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી વૈંકૈયા નાયડુએ આ યાદી જાહેર કરી છે.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં રૂ. ૧૪૦૮ કરોડના વિવિધ પ્રોજેક્ટસ હાથ ધરવામાં આવશે. જેમાં ૪૮૮ કરોડ કેન્દ્ર સરકાર, ૪૮૮ કરોડ રાજ્ય સરકાર, ૬૨ કરોડ પબ્લીક પ્રાયવેટ પાર્ટનરશીપ અને ૮૬ કરોડ અન્ય યોજનામાંથી કર્ન્વઝન દ્વારા ઉભા કરવામાં આવશે.

**૧૪૦૮ કરોડના ખર્ચે ૧૨થી વધુ પ્રોજેક્ટસ્ હાથ ધરાશે : શહેરની પસંદગી નવમા ક્રમાંકે થઈ છે : મોદી**

ડી.એન. મોદીએ જણાવ્યુ હતુ કે ત્રીજા રાઉન્ડમાં દેશભરના ૪૯ શહેરો વચ્ચે સ્પર્ધા હતી જેમાંથી ત્રીજા તબક્કામાં આપણે નવમા સ્થાને આવ્યા છીએ. આજે ૩૦ શહેરોનો સમાવેશ ત્રીજા તબક્કામાં કરાયો છે.

અગાઉ ૪૦ શહેરો તથા બીજા તબક્કામાં ૨૦ શહેરો મળી કુલ ૯૦ શહેરોની પસંદગી થઈ ચુકી છે.

● અનુસંધાન પાન-૭ પર

### શહેરની આભા વધુ પ્રગટશે : પ્રવીણ પટેલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરનો સ્માર્ટ સીટી પ્રોજેક્ટસ્માં કરાયેલા સમાવેશના વધામણાં કરતાં મેયર પ્રવિણ પટેલે જણાવ્યુ હતુ કે રથયાત્રા પૂર્વે નગરને મળેલી આ મોટી ભેટ છે.તેમણે આ માટે ગાંધીનગર મનપા ટીમને અભિનંદન આપ્યા હતા. શહેરના સમાવેશથી ગાંધીનગરની ઓળખ અને આભા ઓર નિખરશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કરી ગાંધીનગરની જનતાએ આપેલા સહયોગને બિરદાવ્યો હતો.

# આજે મેડીકલ કોલેજના ઓડિટોરિયમમાં સમર્થકો સાથે બાપુની મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત કોંગ્રેસમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે ચાલી રહેલા રાજકીય ધમાસણ વચ્ચે આજે શંકરસિંહ વાઘેલાએ તેમના સમર્થકોની બેઠક બપોરે ૩ વાગે જી.એમ.ઈ.આર.એસ.ના ઓડિટોરિયમમાં મળશે.

ગઈકાલે સાંજે જ દિલ્હીથી પરત આવેલા વાઘેલા આજે આખો દિવસ સતત વ્યસ્ત રહ્યા હતા. તેમણે સવારે પક્ષની બેઠકમાં હાજરી આપવાનું પણ વ્યસ્તતાને પગલે ટાળ્યું હતું. જો કે બપોર પછીની બેઠકમાં તેમણે હાજરી આપી હતી.

સમર્થકોમાં સમાજના તમામ વર્ગના મોભીઓ અને સિનીયર નેતાઓ આ બેઠકમાં હાજરી આપવા માટે આવી રહ્યા હોવાનુ તેમના નિકટવર્તી વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

**બાપુની માંગણી સાથે મોવડીમંડળ ઝુક્યુ હોવાની વાતોથી રાજકારણ વધુ ગરમાયુ**

આજે સમર્થકો સાથે પરામર્સ કર્યા બાદ બાપુ તેમની આગળની રણનીતિ તૈયાર કરશે.

બીજી તરફ પાટનગરના રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે બાપુની નારાજગી સામે કેન્દ્રીય મોવડીમંડળ ઝુક્યુ છે અને પ્રદેશ પ્રમુખ બદલવા માટે સહમતિ આપી દીધી છે. નવા પ્રદેશ પ્રમુખ તરીકે અર્જુન મોઢવાડિયાનું નામ અગ્રેસર હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે.

બાપુએ પણ પોતે વિપક્ષના નેતા તરીકે રાજીનામુ

● અનુસંધાન પાન-૭ પર

**માળખાકીય સુવિધાઓ શ્રેષ્ઠત્તમ પછી**

# ગણિત-વિજ્ઞાન-ભાષામાં બાળકો નબળા કેમ ? મુખ્ય સચિવ

**શિક્ષક પાસેથી શૈક્ષણિક ઈતર પ્રવૃત્તિઓ ઓછી કરાવો; શિક્ષકને શિક્ષક રહેવા દો : વલ્લભભાઈ પટેલ; ભાષાના વિષયમાં ઓ.એમ.આર. પદ્ધતિ યોગ્ય નથી : કાર્તિક પટેલ, વાલીઓ અને નગરજનો સાથે મુખ્ય સચિવની ગંભીર ચર્ચા**



ગાંધીનગર, તા. ૨૩

શૈક્ષણિક ક્ષેત્રે સારી આંતરમાળખાકીય સુવિધા ગુજરાતમાં ઉપલબ્ધ છે પરંતુ ગણિત-વિજ્ઞાન અને ભાષામાં બાળકોના નબળા દેખાવની ચિંતા સરકારને અને સૌને કોરી ખાય છે તેવો મત રાજ્યના મુખ્ય સચિવ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર શહેર અને જિલ્લામાં બીજા દિવસે બાળાઓ પ્રવેશોત્સવમાં મોખરે રહી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર અને જિલ્લાના શહેરી વિસ્તારોમાં આજે પ્રવેશોત્સવના બીજા દિવસે કુમારો કરતાં કન્યાઓએ વધુ પ્રવેશ પ્રાપ્ત કરેલ છે. મળતી વિગતો મુજબ આજે બીજે દિવસે ગાંધીનગર શહેરમાં ૨૮૮ કુમાર અને ૩૧૫ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે. જયારે જિલ્લાના શહેરી વિસ્તારોમાં કુલ ૬૩૬ કુમાર અને ૬૫૭ કન્યાઓએ પ્રવેશ પ્રાપ્ત કર્યો છે. આમ બીજા દિવસે ૧૨૯૩ બાળકોએ ધો-૧માં નામાંકન મેળવ્યું છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૧ બાળકનું પુનઃ નામાંકન અને શહેરી વિસ્તારમાં પણ ૧ બાળકનું પુનઃ નામાંકન કરાયું છે.

ગાંધીનગર શહેરમાં ૮૧૩ બાળકોએ ધો-૯માં અને ૮૨૬ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો છે. જિલ્લામાં ૪ વિકલાંગ બાળકોએ પણ આજે પ્રવેશ મેળવ્યો છે. શહેરમાં આજે ૧૧ બાળાઓને પ્રવેશોત્સવ દરમિયાન વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે.

જિલ્લામાં આજે બીજે દિવસે ૧૪ લાખ જેટલું દાન શિક્ષણ સંસ્થાઓને પ્રાપ્ત થયું છે. જેમાં ૧૮,૯૦૧ રૂ.નું રોકડ દાન અને ૧૩,૮૧,૭૧૨નું દાન વસ્તુ સ્વરૂપમાં મળ્યું છે.


## અભિનંદન



**પટેલ વિનોદભાઈ હીરાભાઈ**

સરપંચશ્રી, ચંદ્રાલા ગ્રામ પંચાયત

ગાંધીનગર તાલુકાના સરપંચ એસો.ની રચના કરી ગ્રામીણ વિકાસમાં સહિયારા પુરુષાર્થ માટેના આપના સંકલ્પને સાકાર કરી પંચાયતી રાજ વ્યવસ્થાના સુદ્રઢીકરણમાં તમારું યોગદાન વધે તે જ શુભેચ્છા સાથે અભિનંદન....

ચૌધરી કનુભાઈ અંબાલાલ
ચૌધરી રામાભાઈ ભગવાનભાઈ
તથા સમસ્ત મહાદેવપુરાના ગ્રામજનો
તા. જી. ગાંધીનગર


# શહેરમાં ૧૨ સહીત તાલુકામાં ૩૦ નવા બસસ્ટેન્ડ બનાવાશે

ગાંધીનગર તા ૨૩

શહેરના સેકટરોમાં સ્થિત બસસ્ટોપને નવા બનાવવાનુ કામ હાથ ધરાયુ છે. ગાંધીનગરના ધારાસભ્યની ગ્રાંન્ટમાંથી શહેરમાં ૧૨ જેટલા નવા બસ સ્ટેન્ડ બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગર તાલુકામાં ૩૦ નવા બસસ્ટેન્ડ બનાવાનો નિર્ણય લેવાયો છે. જેના લીધે છેલ્લા ઘણાં સમયથી કંગાળ ભાસતા બસ સ્ટેન્ડની રોનક નિખરશે. જયારે બસની વાટે ઉભેલા મુસાફરોને પણ સાનુકુળતા મળશે.

હાઈટેક બનતા નગરમાં છેલ્લા ઘણાં સમયથી કંગાળ ભાસતા બસ સ્ટોપની સુધારણા માટે પણ માંગ ઉઠવા પામી હતી. સર્કલોને વિકસાવાની યોજના સમયે પણ બસ સ્ટેન્ડ નવા બનાવવાનો પણ સુર ઉઠવા પામ્યો હતો. હાલ શહેરના સેકટરોમાં સ્થિત બસ સ્ટોપને નવા બનાવવા માટે કામ હાથ ધરાયુ છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલની ગ્રાંન્ટમાંથી બસ સ્ટોપ બનાવવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં અંદાજિત ૧૨ બસ સ્ટોપ નવા બનાવવા માટે કામ હાથ ધરાયુ છે. જુના બસ સ્ટેન્ડ દુર કરી નવા બનાવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. ઘ- ૫ તેમજ ચ-૫ પાસે બસ સ્ટેન્ડનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે અન્ય ઠેકાણે કામગીરી ચાલુ છે. એક બસ સ્ટેન્ડના નિર્માણ પાછળ અંદાજિત રૂ ૨.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવી રહયો છે. શહેરમાં ૧૨ ઠેકાણે નવા બસ સ્ટેન્ડ બનાવવામાં આવશે. જયારે તાલુકામાં ૩૦ જેટલા નવા બસ સ્ટેન્ડ બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. હાઈટેક બનતા નગરમાં બસ સ્ટેન્ડ છેલ્લા ઘણાં સમયથી કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. જયારે નવી ડિઝાઈન ધરાવતા બસ સ્ટેન્ડના લુકથી માર્ગોની રોનક પણ નિખરશે.

**બસ સ્ટેન્ડ બનાવાની યોજના પાછળ ૭૨ લાખનો ખર્ચ થશે**

# સીટી બસ બંધ થતા એસ.ટી.એ ઉનાવા રૂટની આઠ ટ્રીપો શરૂ કરી

## પેથાપુર માટે પણ સેકટરના રૂટની બસોને લંબાવાઇ

ગાંધીનગર તા ૨૩

શહેરમાં સીટી બસ સેવા બંધ થતા સ્થાનિક મુસાફરો અટવાયા છે. શહેરમાં આસપાસના ગામોમાંથી અવરજવર કરવા માટે ગ્રામજનોને બસસેવા મળતી નથી.જેના લીધે સ્થાનિકોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. આ સ્થિતિને ધ્યાને લઈ એસ ટી તંત્ર દ્વારા ઉનાવા રૂટ માટે બસસેવા શરૂ કરી દેવાઈ છે. ટ્રાફિકને ધ્યાનમાં રાખી રોજ આઠ ટ્રીપ ઉનાવા રૂટમાં દોડાવામાં આવી રહી છે. આ ઉપરાંત અમદાવાદ જતી સેકટરના રૂટની બસોને પણ પેથાપુર લંબાવાનો નિર્ણય લેવાયો છે.

શહેરમાં સીટી બસ સેવા શરૂ કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ નગરના જાગૃત નાગરિકો દ્વારા વખતોવખત રજુઆત કરવામાં આવી હતી .જેના અંતે નગરમાં સીટી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સીટી બસ બંધ થતા મુસાફરો મુંઝવણમાં મુકાયા છે. સીટી બસ સેવાના રૂટ આસપાસના ગામડાઓમાં પણ જોડાયેલા હોવાથી

● અનુસંધાન પાન-૭ પર


**જયશ્રી ચેહરકૃપા મોબાઈલ શોપ**

મહેન્દ્રસિંહ વાઘેલા -૯૮૨૪૪૮૮૯૨૫

OPPO AVID VIVO મોબાઈલ તેમજ દરેક કંપનીની એસેસરીઝ, રીચાર્જ, રિચાર્જ વાઉચર, મેમરી કાર્ડ, પેન ડ્રાઈવ તથા દરેક કંપનીના મોબાઈલ વ્યાજબી ભાવે મળશે.

૩૦૨, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર


## જાહેરાત (બીજો પ્રયત્ન)

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા મહિલાઓ માટે જાગૃતિ કાર્યક્રમ, રાજ્ય તેમજ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓમાં સામુદાયિક જાગૃતિની કામગીરી માટે વિલેજ કન્વર્ઝેશન એન્ડ ફેસિલિટેશન (VCFS) અંતર્ગત જિલ્લાના ૧૦ ગામો (૧) છાલા (૨) ખોરજ (ગાંધીનગર તાલુકો), (૩) પાનસર (૩) બાલવા (૫) વેડા (૬) પલીયડ (૭) સાંતેજ (કલોલ તાલુકો) (૮) માણેકપુર મકાખાડ (૯) રીદ્રોલ (૧૦) ચરાડા (માણસા તાલુકો) ગામોમાં વિલેજ કન્વર્ઝેશન એન્ડ ફેસિલિટેશન યોજનાની કામગીરી VCFS સેન્ટર તદ્દન હંગામી ધોરણે ૧૧ માટે શરૂ કરવાના છે.

આ સેન્ટરની કામગીરી સંભાળવા મહિલા વિલેજ કૉ-એરડીનેટરની માત્ર-૧૧ માસ માટે કરાર આધારિત ફિક્સ પગાર રૂ. ૪૦૦૦/-માં પસંદગી કરવાની છે.

આ જગા માત્ર મહિલા ઉમેદવાર માટેની છે. જેમાં ૧૮ થી ૪૫ વર્ષ સુધીની (તા. ૧/૬/૨૦૧૭ની તારીખે) ધો-૧૨ (કોઈપણ વિદ્યાશાખા) પાસ (૫૦% કે તેથી વધુ) સ્થાનિક ગામના જ હોય તેવી મહિલા ઉમેદવારની પસંદગી કરવાની છે.

ઉપર મુજબ લાયકાત ધરાવતી ઉપર જણાવેલ ગામની જ સ્થાનિક મહિલાઓએ તા. ૩૦/૬/૨૦૧૭ના રોજ કલેક્ટર કચેરી, સભાખંડ, સેક્ટર-૧૧, પ્રથમ માળ, ગાંધીનગર ખાતે સવાર ૧૦:૩૦ કલાકે નીચેના શૈક્ષણિક લાયકાતના અસલ પ્રમાણપત્રો સાથે તેની એક સ્વ પ્રમાણિત નકલ સાથે જાતે જ હાજર રહેવું. પસંદગી માત્ર ધો.૧૨માં મેળવેલ મેરીટ મુજબ જ કરવામાં આવશે. તેમજ આ કામગીરી / પ્રોજેક્ટનો સમય ૧૧ માસનો જ છે. જેની નોંધ લેવી.

**જરૂરી લાયકાત :**

- ધો.-૧૨ (કોઈપણ વિદ્યાશાખા) પાસ થયાની અસલ માર્કશીટ (પ્રથમ પ્રયાસે ઓછામાં ઓછા ૫૦% ગુણ)
- સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ - અસલ
- કોમ્પ્યુટરની જાણકારીનું પ્રમાણપત્ર
- તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો એક ફોટો
- ગામના વતની હોવાનો તલાટીનો દાખલો

સહી/-
કલેક્ટર, ગાંધીનગર

માહિતી/૮૫૮/૧૭-૧૮


www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT BRIDGESTONE

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com